વાર્ષિક લવાજમ રૂા. ૫૦

રાષ્ટ્રવિકાસમાં મહિલાઓને સંયોજતું 'સેવા'નું પાક્ષિક મુખપત્ર

# અનસૂયા

વર્ષ - ૪૦ : અંક - ૧૧ ✻ આદ્યતંત્રી : સ્વ. જયન્તિકાબહેન જયન્તભાઈ ✻ તંત્રી : નમ્રતા બાલી ✻ પ્રકાશન : જુલાઈ-૬ ૨૦૨૨

# શ્રમજીવી યુનિવર્સિટીનાં શિક્ષિકાઓનો પદવીદાન સમારોહ

'સેવા'ની યુનિવર્સિટી એટલે સેવા અકાદમી. તાજેતરમાં 'સેવા' અકાદમી દ્વારા અમદાવાદ શહેર અને ગામડાના જુદાં જુદાં વિસ્તારોમાં ચાલતા સાક્ષરતા વર્ગના શિક્ષિકા બહેનોનો પદવીદાન કાર્યક્રમ યોજવામાં આવ્યો.

દીપ પ્રાગટ્ય કાર્યક્રમ ઈલાબહેન અને સાક્ષરતા વર્ગના શિક્ષિકા બહેનોએ કર્યું. સાક્ષરતાના મીનાબહેને સાક્ષરતાની પરંપરા અનુસાર સૌ બહેનોને હાથ ઉંચા કરાવીને ૧૧ તાળીઓ વગાડી, કપડાંની ચિંદીમાંથી બહેનોએ હાથથી બનાવેલો હાર પહેરાવી સ્વાગત કર્યું.



પદવી મેળવી મેડલ પહેરીને ખુશી વ્યક્ત કરતાં શિક્ષિકાઓ

કાર્યક્રમનાં સંચાલનકર્તા નમ્રતાબહેને જણાવ્યું કે, આજે 'સેવા'ના ૫૦ વર્ષ થયાં એટલે આપણે સૌ ગોલ્ડન જ્યુબીલી મનાવી રહ્યાં છીએ. એ જ ૫૦ વર્ષમાં 'સેવા અકાદમી'ના ૩૦ વર્ષ પૂરાં થયાં અને એ ૩૦ વર્ષમાં ઈલાબહેન આપણને બે કામ બહુ મોટા સોંપ્યા હતા, એક કે 'સેવા' આંદોલન, 'સેવા' ચળવળ જેને 'સેવા' મૂવમેન્ટ કહીએ, 'સેવા' ઝૂંબેશ જેને કહીએ તેના માટે એક હરોળ

નિડર આગેવાન બહેનોને તૈયાર કરો. એ આપણે કર્યું, સાથે નવું ઉમેરતા પણ ગયા. જુની વાતો વાગોળતા કહે, આપણી સાથે સેવા અકાદમીના સફરમાં જે સાથીઓ સાથે રહ્યાં ને પુલના છેડે ટાઉનહોલની સામે કૃષ્ણભુવન છે ત્યાં એક જ રૂમમાં અમે બધાં બેસતાં. એમાં એક મોટું ટેબલ હતું એટલે ચારે બાજુ બધા બેસી જતાં અને કામ કરતાં, ત્યારે એક બેન પાસે ટાઈપરાઈટર હતું અને ઉપરનો રૂમ અમને ભાડેથી મળ્યો હતો, તેમાં અમે તાલીમો કરતાં, અને બાજુવાળા એક પરિવારનું કુટુંબ એમને એક રૂમ આપ્યો હતો ને કહેતાં જ્યારે તમારી બહેનો આવે ત્યારે જમવા માટે અમે અમારી જગ્યા આપીશું. એમ એવા ત્રણ રૂમ હતા અમે શરૂઆત કરી હતી.

શરૂઆતની તાલીમોમાં બેન (ઈલાબહેન) આવે, ''એમ કહેવાય ને કે, નવ મહિના પછી જે આનંદ મા ને હોય છે એ જ આનંદ નવ મહિના પછી અમારી તાલીમને થયો.'' કારણ કે, નવ મહિના પછી અમારો અભ્યાસક્રમ તૈયાર થયો. એમાં બહુ તકલીફો પડી, સારું થયું ને ન પણ થયું. વિમો સેવામાંથી મિરાઈબહેન પણ વચ્ચે વચ્ચે આવતાં, સાથ આપવા. રીમાબહેન અહીયા હાજર નથી, પણ એમને હું યાદ કરું છું કારણ કે, તે દરમિયાન રાધનપુરમાં 'સેવા'નું કામ શરું થયું હતુ અને અમે તાલીમો ત્યાં લઇ ગયા અને ત્યાં તાલીમો કરી. કારણ કે, ગામડેથી બહેનોને અહી આવવામાં તકલીફ પડતી હતી.




**પદવીદાન કાર્યક્રમમાં શિક્ષિકા બહેનોને 'સેવા' અકાદમીના ઈતિહાસની વાત કરતાં નમ્રતાબહેન**

એ બધા યાદગાર પ્રસંગો છે પણ, એમાંથી જે એક કામ શરૂ થયું તે છે સાક્ષરતાનું. બધાને એમ હતું કે અક્ષરજ્ઞાન બહુ જરૂરી તેમાં ગણિત શીખવાડવું બહુ જરૂરી, એટલે બહેનો વચ્ચે ગયાં તો બહેનો કહે, અમને આ ઉપયોગી કેવી રીતે થશે? મને આજે પણ યાદ છે જ્યારે બેનને મેં વાત કરી કે, બેન આપણે બેનોને 'ક' સે કમળ કહીએ તો એમને કંઇ સમજ નથી પડતી. બેનો કહે, કમળ અમે ક્યાં જોયા છે? એટલે ખાસ કરીને જ્યારે હું રાધનપુર જાઉં અને આ વાત કરું તો બહેનો કહે, કમળ એટલે શું? એટલે હા ચિત્રોમાં જોયા છે. પણ 'ક' સે કમળ કેમ? 'ક' સે કાતર કેમ નહીં? એ આપણી સામે એવું પૂછે. ત્યારે એમ લાગ્યું કે, આપણે આપણો અભ્યાસક્રમ આપણે જ બનાવ્યો. વંદનાબહેન અહીંયા બેઠા છે, એમને યાદ કરું છું. રેણુકાબહેન અહી આવ્યા છે, તે અમારા જુના સાથીઓ ૧૯૯૦-૯૧ ના. જે અમારી સાથેને સાથે, બધી જવાબદારીઓ લઈ લેતાં હતા. અમે પાંચ જ કાર્યકર્તા અહી બેસતાં અને કામ શરૂ કર્યુ, પછી સાક્ષરતાનું કામ ઠેર ઠેર જ્યાંથી માંગણી આવતી ત્યાં ત્યાં અમે લઇ ગયા અને અક્ષરજ્ઞાનથી શરૂ કર્યું. ગુજરાત વિદ્યાપીઠથી અક્ષરજ્ઞાન માટે ચોપડીઓ લાવ્યા. આપણા છોકરાઓ જે ચોપડીઓ વાપરે છે તે વાપરી, સ્લેટો વાપરી સાથે ઘણું બધું વાપર્યું, પણ બહુ મજા આવી નહીં. પછી થયું કે, હવે કંઈક બીજી રીતે શરૂ કરીએ. જે વિસ્તારમાં જઈએ અને બહેનો જે કામ કરતી હોય તે કામને લઈને અમે અમારી બુકલેટ તૈયાર કરી. સિલાઇવાળા બેનો હોય તો એમના શબ્દો, વેચનાર બેનો હોય તો એમના શબ્દો, ખેતી કરતાં હોય તો એમના શબ્દો, પશુપાલન કરતાં હોય તો એમના શબ્દો અને વળી એ જે વસ્તુ વાપરતા હોય ને એનાથી શરૂઆત કરી. એટલે કન્ટ્રક્શન કે ગારમેન્ટનું કામ કરતાં હોય, એમાં જે વસ્તુ વપરાતી હોય તે શબ્દો જે છે એમ કરીને તે શબ્દો ઉમેરતાં ગયા અને લાંબુ એક લીસ્ટ બનાવ્યું અને એની બુક તૈયાર કરી. આપણે 'સેવા'નું કામ કરીએ છીએ, તો ઘણી વાર નિરાશ પણ થઇ જઇએ છીએ. અરે કંઇ થતું નથી, આગળ દસ કદમ જઇએ ને એમ થાય કે પાછા કોઇ ખેંચી રહ્યું, ત્યારે બેનની એક વાત છે તે કાયમ અમને શિક્ષણમાં કહેતાં, યાદ રાખવાનું ''કોઈ અક્ષર અપવિત્ર નથી, કોઈ પત્તુ ઔષધવિહિન નથી, કોઇ માનવ નકામો નથી, દુર્લભ તો છે તેના યોજકો.'' કાયમ આ વાત કહે અને આપણને હિંમત આપે કે નિરાશ ના થાવ અને કામ કરતાં જાવ. આપણને યોજકો જોઇએ અને અમારા કામમાં અમને શિક્ષકો. શિક્ષકોની વાત આવે તો, આજનો દિવસ હું શિક્ષિકાઓને સમર્પિત કરું છું, ખાસ કરીને આપણે બધા હંમેશા કહીએ છીએ કે, ''ગુરુગોવિંદો ખડે કાકે

લાગો પાય, બલીહારુ ગુરુ આપને ગોવિંદ દીયો બતાયે'' ભગવાન પણ સામે આવી જાય અને ગુરુ ઊભા હોય તો આપણે ગુરુને પગે લાગીએ છીએ. કારણ કે, એ ગુરુએ આપણને ભગવાન બતાવ્યા છે. અત્યારે આ મારી બધી જે બહેનો બેઠી છે એ ગુરુ છે. એમને ૩૦ વર્ષોમાં પાંચ લાખ બેનોને તૈયાર કરી છે. એમને જીવનલક્ષી સાક્ષરતાનું જ્ઞાન આપ્યું છે.ખાલી ક,ખ,ગથી એમને નથી પ્રોત્સાહિત કર્યા, પણ તેમને જીવનની લગતી જે કંઈ વાત ઉપયોગી થાય પછી, સ્વાસ્થ્યની હોય તો સ્વાસ્થ્ય સુરક્ષા, પછી વિમાની વાત હોય તો વિમાની વાત સાક્ષરતામાં આવી જાય. બચતની વાત હોય તો પાસબુક કઈ રીતે વાંચવી, લોન લીધી હોય તો તેને કઈ રીતે જોવી, એની સાક્ષરતા, વળી સરકારી કાર્યક્રમો એટલા બધા થયા તો તેની સાક્ષરતા, પછી થયું કે આ બાળકો પણ અહીયા જ આ ઓરડામાં છે તો બાળકોનો વિકાસ થાય, એમને કેવું પોષણ આપવું, મોટા કઇ રીતે કરવા? એ પણ સાક્ષરતા કહેવાય. રસીકરણની વાત કરવી હોય તો એને પણ સાક્ષરતા કહેવાય. એટલે જીવનલક્ષી સાક્ષરતા જેને કહીએ છીએ તે આપણી નિશાળમાં છે.

આજે આપણી વચ્ચે ટાટા કન્સલટન્સી સર્વિસ (ટી.સી.એસ.)માંથી કિશનગોપાલભાઇ પધાર્યા છે. એમનો આભાર માનું છું કે, સૌ પહેલા જ્યારે સાક્ષરતામાં આપણે ડીઝીટલાઇઝેશન લાવવાનું થયું, ક,ખ,ગ,ઘ શીખ્યા પણ પછી થયું કે 'ક' સે કમ્પ્યુટર. હવે શું કરીશું? બહેનોને કોમ્પ્યુટર શીખવાનું છે અને એનું સોફ્ટવેર એ રીતે તૈયાર થયું કે બેનો એનાથી આગળ થાય, અને એક દ્રશ્ય હતું પહેલા તો જુના કોમ્પ્યુટર હતા તેના પર શીખતાં હતા, ત્યાર પછી આપણે નવા કોમ્પ્યુટર લાવ્યા ને બહેનોને આપ્યા. કૉમ્પ્યુટરમાંથી બહેનો લેપટોપ પર આવી. બહેનો લેપટોપ બેગ લઈને ચાલીએ ચાલીએ ફરતા હતા. બેગ લટકાવીને જાયને એમના મોં પર જે તેજ જોવા મળે તે અનેરુ હોય છે. બહેનોને એક ગુરુ તરીકે માન સન્માન મળ્યું.



**પદવી સ્વીકારી અને મેડલ પહેરીને આનંદવિભોર થઇ 'જય સેવા'નો નારો લગાવતાં હર્ષિદાબહેન**

૩૦ વર્ષની ઉજવણી છે, ૫૦ વર્ષ 'સેવા'ની અને હું ગણતરી કરતી હતી તો ૫૦ એવા બેનો છે જેમને, એરિયામાં ગામડે સાક્ષરતાનું કામ કર્યું છે. સાત-આઠ બહેનો શરૂઆતથી એટલે કે ૩૦ વર્ષથી આપણી સાથે કામ કરે છે, આજે આ પદવી મળવાથી એક અલગ આનંદ અને અહેસાસ થતો હશે.

કાર્યક્રમ આગળ વધારતાં 'સેવા'ના મંત્રી અને સેવા અકાદમીના સંચાલક શાન્તાબહેન કહે, ખરેખર જે બેનનું સપનું હતું કે, સેવાની યુનિવર્સિટી બને. મોટી મોટી યુનિવર્સિટીમાં તો પદવીદાન થાય છે પણ આપણા નિરક્ષરબેનોની યુનિવર્સિટી માં પદવીદાન સમારોહ યોજાય એ એક અનેરી વાત છે. શ્રમજીવીની યુનિવર્સિટીમાં શિક્ષિકાબેનોને બેનના હસ્તે પદવીદાન મળશે એટલે ખૂબ નસીબદાર છો બધાં. આ બહેનો પોતાનો વિકાસ તો કરે જ છે સાથે સાથે આખા ગામનો વિકાસ કરે છે. સંગઠનનું કામ ધીમી ગતિએ થાય છે પણ કામ સમય માંગી લે છે. સંગઠન જ સેવાના કામોને વેગ આપે છે.



**હરખભેર ઈલાબહેનના હાથે પદવી સ્વીકારતાં શિક્ષિકા લુસિયાબહેન**

પદવીદાન સમારોહમાં પદવી મેળવેલા બહેનો પોતાના અનુભવ જણાવે છેઃ ચાંદલોડિયા વિસ્તારમાં રહેતા અને ખાખરા બનાવતા પ્રેમીલાબહેન કહે, હું છેલ્લા ૧૫ વર્ષથી સાક્ષરતાના વર્ગ જુદા જુદા વિસ્તારમાં ચલાવું છું. મારી શરૂઆત સ્લેટ પેનથી. ત્યાર પછી માચીસ બોક્ષ ઉપર અક્ષરો અને આકડાં લખીને બેનોને શીખવતાં હતાં. જેમ દિવસ જાય તેમ કંઈક નવું આવતું ગયું જેમાં અમને લેપટોપ ઉપર પણ બેનોને ભણાવવાનો મોકો મળ્યો. જે વસ્તુ ક્યારેય પણ અમે હાથમાં નહોતી લીધી, કે અમારા છોકરાઓ અમને લેપટોપને હાથ પણ લગાવવા નહોતા દેતા, પણ સેવા અકાદમી દ્વારા અમને ૩ દિવસની લેપટોપ શીખવાની તાલીમ આપી. ત્યારે નમ્રતાબહેન અને કિશનભાઈએ ઘણી મહેનતથી અમને લેપટોપ શીખવ્યું. જ્યારે કોમ્પ્યુટરથી સાક્ષરતામાં ભણાવતા હતા તો અમે એક જ જગ્યાએ બેનોને ભણાવી શકતાં હતા પણ, જ્યારે લેપટોપ આપ્યું તો અમે બીજા વિસ્તારોમાં જઈને બેનોને સાક્ષર કરીએ છીએ. હું તો માત્ર આઠ પાસ થયેલી. પહેલા તો આઠમાં ધોરણમાં અમે એબીસીડી શીખ્યા હતા જ્યારે અત્યારના તો પહેલા ધોરણમાં બાળક ભણ્યું હોય એવું અમે ત્યારે ભણ્યા હતા. લેપટોપની તાલીમ લીધા પછી મારામાં ઘણી હિમ્મત આવી અને જ્યારે લેપટોપ આપ્યુંને એ બેગ મારા ખભે લટકાવીને શેરીએ શેરીએ જતાં ત્યારે મને એમ લાગતું કે જે શિક્ષકો પણ ના કરી શકે આ મોટી ઉંમરની બહેનોને ભણાવવાનું કામ અમે કરીએ છીએ. બહેનો હોંશે હોંશે લેપટોપમાં જોઈને સાંભળીને અક્ષરજ્ઞાન મેળવતી. સેવાએ મને સાચા અર્થમાં અક્ષરજ્ઞાન આપ્યું.

મારે તો ખેતર ભલું ને ઘર ભલું બાકી હું તો, ઘરની બહાર ક્યાંય નહોતી ગઈ આમ કહેતાં, અમદાવાદ જિલ્લાના સીયાડા ગામના ખેતમજૂર મધુબહેન. હું ૧૯૯૧થી ‘સેવા’ સાથે જોડાયેલી છું સેવા અકાદમીમાંથી તાલીમો મળી છે તેના થકી હું ઘણી આગળ આવી છું. ‘સેવા’ની બેનોનો સાથ-સહકાર મળ્યોને મારાં બાળકોને ભણાવવાનું સમજી. મારા ગામની ખેતમજૂરી કરનારી બેનો કોઈ ગણતરી કરવી હોય તો એ નહોતી કરી શકતી, કોઈ પાસે હિસાબ માંગવો હોય તો એ માંગી નહોતી શકતી. હવે બેનો સાક્ષરતાના વર્ગમાં ભણીને હિસાબ-કિતાબ કરતી થઈ ગઈ છે. ગામના ઘણા ભાઈઓ એમ કહેતાં કે, અમારી ઘરવાળી તમારે ત્યાં ભણવા નહી આવે, હવે એને ભણીને શું કામ છે? ઘણી બહેનો સાક્ષરતામાં ભણવા આવતી સાથે સેવાબેંકમાં ખાતા ખોલાવીને તેમને બચત કરતાં શીખવ્યા અને બેંકમાંથી લોન લઈને પોતાના ગીરવે મૂકેલા ખેતરો છોડાવ્યા. ઘણી બહેનોએ લોન લઈને ભેંસોની ખરીદી કરી પોતાનું ગુજરાન ચલાવતી થઈ છે.

જેમ જેમ નવી ટેક્નોલૉજી આવી તેમ અમને કોમ્પ્યુટર સાક્ષરતા દ્વારા શીખવાનું કહયું. હવે આ એક નવી ઉપાધી આવી અમારા માથે. અમારા ઘરમાં ઉંદર બહું અને અકાદમીમાંથી કોમ્પ્યુટર આપ્યું, તે રોજે રોજ એના વાયર કાપી નાખે. હવે બેનોને કેવી રીતે સમજાવવા? ગામનાને બોલાવીએ ગામના ના આવે સરખું કરવા. પછી મને નમ્રતાબહેને અને મીનાબેને એમ કીધું કે તમને લેપટોપ



**સન્માનિત પદવી મેળવી સૌ શિક્ષિકાબહેનો એક સાથે**

આપીએ તો આ વાયર કાપ્યાની ઝંઝટ જ નહીં રહે. હવે લેપટોપ તો કોઇ દિવસ જોયું ય નહોતું. પણ આ 'સેવા' થકી અમને ટેક્નોલૉજી વાપરવાની તક મળી, અને ગામડાની બહેનો લેપટોપ દ્વારા ભણીને ઘણી આગળ આવી છે.

પદવીદાન કાર્યક્રમમાં ઉપસ્થિત 'સેવા'ના ઉપપ્રમુખ મનાલીબહેન ખૂબ આનંદ અનુભવતા કહ્યું, બહુ જ ખુશીની વાત છે કે, આજે બધાના મોઢા ઉપર હાસ્ય અને આંખમાં આસુ પણ છે. આવુ બહુ ઓછી વાર જોવા મળે કે, હસતાં પણ હોઇએ ને રડતાં પણ હોઇએ. આજે એ બન્ને સાથે જોવા મળ્યું છે અને જે રડવાનું છે એ આનંદનું છે. બહેનોને ભણવાની ભૂખ બહુ જ હોય છે, આપણે હજુ વધારેને વધારે વિસ્તરતા રહીએ અને ટેક્નોલૉજી સાથે સાક્ષરતાને લઇ જઇએ તો બહેનોને ઘણો ફાયદો થશે. આજે જેટલા બહેનોને પદવી મળી છે એ બધાંને ખૂબ ખૂબ અભિનંદન અને 'સેવા' અકાદમીએ ૩૦ વર્ષ પૂરાં કર્યા છે તેના માટે પણ ખૂબ ખૂબ અભિનંદન.

આજના શુભદિને 'સેવા'ના મંત્રી યાસ્મીનબહેન પણ હાજર રહ્યાં હતા અને બહેનોને શુભેચ્છા પાઠવતાં કહ્યું કે, તમારી જેમ મેં પણ સેવા અકાદમીમાંથી ઘણી તાલીમો લીધી છે. ૧૯૯૭માં 'સેવા'ના જે સભ્યો છે તેમના પરિવારના આરોગ્યની સ્થિતિ શું છે? તેનાં માટેનો એક સર્વે કરવામાં હું જોડાઇ હતી. અકાદમી જેમ, નમ્રતાબહેન અને બેન જે કહે છે કે, યુનિવર્સિટી છે અને આગેવાની કેવી રીતે પોતાનામાં આવી શકે અને પોતે આગળ આવી શકે તેનું ઉદાહરણ હું પોતે જ છું, એટલે આ વાત મેં કહી. આજના પ્રસંગે જે બહેનોને પદવી મળી છે ખરેખર એ બહેનોને ખૂબ ખૂબ શુભેચ્છા. બહેનોને આગળ લાવવા અને એમને શિક્ષિત કરવા એ બહુ જ અગત્યનો ભાગ છે, એ સ્વાસ્થ્યનું હોય કે પછી સાક્ષરતાનું શિક્ષણ હોય, જો શિક્ષણ હશે તો બહેનો આગળ આવશે. એટલે ખરેખર તમે બધા બહેનો ઘણું અગત્યનું કામ કરી રહ્યાં છો. બસ આવી જ રીતે આગળ વધતાં રહો અને આવી પદવી વધુને વધુ બહેનોને આપતાં રહીએ એવી શુભેચ્છા.

'સેવા'ના સ્થાપક ઈલાબહેન આજના ખુશીના દિવસે ખૂબ આનંદીત થઇને કહે છે, 'સેવા'ની બહેનો અને 'સેવા' સાથે સંકળાયેલા ભાઇઓનો આભાર માનુ છું. ''હું તો હંમેશા જ કહું છું કે, સ્ત્રી-પુરુષ એકબીજાએ ડર્યા વગર હાથ પકડીને મિત્ર તરીકે જો સાથે ના ચાલી શકે તો દુનિયામાં કદાપી કોઇ પરિવર્તન આવવાનું જ નથી. ૫૦% વસ્તી એકબીજાથી ડરતી હોય, સંકોચાતી હોય, એકબીજાથી છાનુ રાખતી હોય, પોતાની સિદ્ધિ વ્યક્ત ના કરી શકતી હોય, પુરુષોનું પણ એવું જ હોય છે. એટલે 'સેવા'માં બધાંએ હિમ્મત કરી અને આપણે ભાઇઓનો પણ સાથ લેતા થયા છીએ. ભાઇઓના કામ આપણે પણ શીખતાં થયા છીએ અને એજ હું માનુ છું કે, સાચી પ્રગતિ છે. ૫૦ વર્ષમાં આ પણ આપણે એક ફેરફાર બદલાવ તરીકે લઇ શકીએ.

બીજું શું કહું? ક્યાંથી શરૂ કરું? નમ્રતાથી જ. નમ્રતા ડીઝાઇનરનું ભણ્યાને સારી ડીગ્રી લીધી, ગામડાઓ સુધી બહુ ગયા ત્યાં ભરતકામોમાં બહુ રસ ધરાવતાં, ત્યાં રહેવા લાગ્યા લલીતાબહેન સાથે. વડોદરાથી પછી 'સેવા'માં જોડાયા. મારા મનમાં તો 'સેવા' યુનિવર્સિટી ખોલવાનું સપનુ હતું. 'સેવા' યુનિયન બનાવ્યું, 'સેવા'બેંક બનાવી, 'સેવા' કોઑપરેટીવ બનાવી ત્યારે શિક્ષણનું પાસુ ખૂબ

ઓછું હતુ. એ વખતે હું દિલ્હી હતી. રાજયસભા-પાર્લામેન્ટમાં સભ્ય હતી. પછી પ્લાનિંગ કમિશનમાં આવી. પ્લાનિંગ કમિશનના સભ્ય તરીકે આવી, ત્યારે મેં ઘણુ બળ વાપર્યુ અને મિનિસ્ટરને કહ્યું કે, અમારે 'સેવાં'ની યુનિવર્સિટી બનાવવી છે, ત્યારે એજ્યુકેશન મિનિસ્ટરે પછી પ્રાઇમિનિસ્ટરને કહ્યું. પણ એ વખતે એમને ના પાડી કે, તમારી અભણ અને ગામડાની બેનોની યુનિવર્સિટી તમે નહી કરી શકો અને તેના નિયમો નહી પાળી શકે એટલા માટે. તો પણ આપણે તો સંઘર્ષવાળા એટલે ચલાવ્યું પણ, કાયદો જ ના પાડતો હતો. પછી એમાંથી 'સેવા' એકેડમીનો વિચાર આવ્યો. એટલે, એકેડમીમાં શું હોય? ભણતર હોય એજ્યુકેશન, શિક્ષણ હોય અને ઉચ્ચ શિક્ષણવાળા ભણતાં હોય એટલે મેટ્રીક(એસ.એસ.સી) પાસ થઇ ગયા હોય કે તેનાથી આગળ વધ્યા હોય કે, ૧૦મું ૧૨મું પાસ કર્યા પછી એ ધીરે ધીરે સ્કોર્લર બને એ એકેડમીમાં થવાય. એકેડમી તો કોઇ કાયદામાં આવતી નથી, એટલે આપણે 'સેવા' એકેડમી બનાવ્યું. આપણી પાસે જ્ઞાનનો ભંડાર કાંઇ ઓછો છે? એક-એક ગામડુ, એક-એક છાપરું, દરેક જગ્યાએ જ્ઞાન પડેલું છે. એટલે એ, જ્ઞાનના ભંડારને આપણે કેવી રીતના બહાર લાવીને ફેલાવવું એના માટે આપણે એકેડમી શરૂ કરી.

હવે એને સંભાળે કોણ? તો, નમ્રતા જે દિવસથી આવી 'સેવા'માં આવી ત્યારથી મને મનમાં બેસી ગયું. એટલે ગ્રાફિક ડિઝાઇન અને ભરતનું એ બધું પણ જ્ઞાન જ છે, શિક્ષણ સંબંધીત જ વાત છે. પહેલાં મારે લલીતાને સમજાવવું પડયું, જે એમના બોસ હતા તે. પછી નમ્રતાને કહ્યું પણ, આપણે સેવા અકાદમી શરૂ કરવાની છે અને મારે કોઇ અજયુકેશનની ફિલ્ડમાંથી આવેલા અને સીસ્ટમમાં જળવાયેલા હોય તેવા નહીં મારે તો લેશ જ જોઇતાં હતા. એટલે આ છોકરી બરાબર છે આ કામ માટે. ત્યારે હું દિલ્હી હતી, ફોન પર એને સમજાવ્યું પણ, એ તો ના જ કહેતા, નાના મારું કામ તો આ જ છે, આ તો નવું છે મારા માટે હું ક્યાં શરૂ કરું ? આમ તો એવી બધી અનેક મૂજવણો હોય છે કોઇ નવા કામમાં. પણ મેં કીધું કે, ના તમે શરૂ કરો આપણે કામ કરતાં કરતાં આગળ વધીશું અને જોઇશું. એમ નમ્રતા સાથે વાત કરીને એના મમ્મી સાથે વાત કરીને, એ જોડાયાને કામ શરૂ કર્યુ.

એ વખતે ઇંગ્લેન્ડના એક મારા ફ્રેન્ડ જેવાં જે 'સેવા'ના ફ્રેન્ડ હતા એમને પણ અહીં આવ્યા હતા. તેમને અને નમ્રતા સાથે ૩ મહિના રહ્યાં અને એકબીજાના વિચારોની આપ-લે કરીને એકબીજાનું ઘડતર થયું આમ એકેડમીનું કામ આગળ વધ્યું. હું દિલ્હીથી પાછી આવી ત્યારે નમ્રતા કહે, હવે આપણે શું કરીએ? ૩ દિવસના ક્લાસ નક્કી કર્યા. જેમાં ૩૦ લોકો ભાગ લેશે તેમે હું અને બીજા બહેનો એવું નક્કી કર્યુ. સૌથી પહેલા શહેરના બહેનો જે જુદા જુદા ધંધાવાળા, અલગ અલગ વિસ્તારોમાં રહેનારા અને બધી જ કોમોના. પછી શું શરૂ કરવું? મોટા ભાગના તો અભણ! હવે એમનું અકાદમીમાં શિક્ષણ શરૂ કરવાનું. કેવું શિક્ષણ? શું શિક્ષણ? એ મૂજવણ, અમે ક્યાં સ્કૉલર હતા તે અમને ખબર હતી? કે કોઇ શિક્ષણ ઉપર કયાંય કંઇ વાચેલું કે ભણેલું કે જાણેલું? કેવી રીતનું એજ્યુકેશન હોય? કોઇ પણ રીતે તો આપણને બધુ જ આવડે! શરૂમાં 'નામ', 'કામ' અને 'ગામ'થી શરૂ કર્યુ. પહેલા પોતાની ઓળખાણ તો આપવી જ પડે ને! આવેલી બેનો પોતાનું નામ પણ ના બોલી શકે, નામ પૂછે તો આમ તેમ જુએ ને નીચે જુએ પણ, ખુલ્લે મને આંખમાં આંખ મિલાવીને નામ ના બોલે. એ જે એમ્પોરમેન્ટ જે કહેવાય છે તે તો કેટલા વર્ષ પછી આવ્યો. પોતાના કામને કામ જ ક્યાં ગણે છે? ખેતીનું કામ હોય કે, માદા-સાજાની કોઇની સેવા કરવાની હોય, કોઇના કપડાં સિવવાના હોય, માટીમાંથી માટલા બનાવવાનું કામ હોય, કેટલાં બધાં કામમાં બહેનો જોડાયેલી હોય છે, પણ એને ખબર નથી કે આ મારું કામ છે! આમાંથી આવક પણ પેદા થાય છે! બહેનોને કહેતાં પહેલાં તમારા કામની ઓળખાણ આપો, ત્યારે બહુ જ તકલીફ થાતી. બહેનો કામનું નામ જ ના પાડી શકે. એ પોતે તો ના પાડી શકે! પણ આખી દુનિયા નહોતી પાડી શકતી. એ દિવસોની તમને ક્યાં ખબર છે, 'નામ', 'કામ' ને 'ગામ' ગામનું નામ બોલે, પણ બાકી કંઇ ના બોલે. હું ભણેલી એટલે મેં કીધું કે, આપણે તો સાક્ષરતા જ કરવી જોઇએ! એટલે આપણે સાક્ષરતામાં કખગઘથી શરૂ કર્યુ. બહેનોને કંઇ રસ નહોતો. જેમ હમણાં જ નમ્રતાએ કહયું તેમ, અમદાવાદ જિલ્લાની ગામડાની બહેનોએ કમળનું ફૂલ જ જોયું ન હતું, પણ તો ય ક કમળનો ક ને આમ ને તેમ એવું શીખવતાં પણ, એ તો પુરું સાંભળતા ય નહી, ને કોઇને રસ જ ન હતો. પછી મેં એક પાનામાં લખ્યું કે, 'પ' પોલીસનો 'પ'. રોજ પોલીસ સાથે આ વેચવાવાળા અને ટોપલાવાળાને માથાકૂટ હોય એટલે પ એમને પહેલો યાદ રહી જાય, એ તો મામૂલી ભણતર થયું, એમ શિક્ષણ હંમેશા યુનિસ્યન, ન્યુઇનિયન હોય છે, તમારામાંથી અમને શીખવાનું મળ્યું ને અમારામાંથી તમને શીખવા મળ્યું ને હવે તો એ ભાષા પણ બરાબર નથી કારણ કે, ''હમ સબ એક હૈ''. જે ક્ષેત્રમાં તમારી જાણકારી, અનુભવ અને ખાત્રી છે કે આનુ આમ થાય, ત્યાં બીજાઓને નથી હોતી. જ્યાં બીજાઓની સમજ છે તે તો બીજી તરફ જવા લાગ્યા. આપણો સમાજ એવો કરી નાખ્યો છે કે, એને વાળવો મુશ્કેલ થઇ ગયું છે. શહેરના લોકો જુદાં અને ગામડાના જુદાં. બધાની સંસ્કૃતિ, પરંપરાઓ, ટેવો બધુ અલગ અલગ કરી નાખ્યું. આપણે કહીએ છીએ ને કે બાર ગામે બોલી બદલાય, તો એ બીજી બોલી શીખવા માટે તો આપણે તૈયાર જ નથી! આપણને તો જરૂર જ નથી લાગતી જાણે કે, હું તો કહું છું કે, ઉર્દુ કેમ નથી શીખતાં? ઉર્દુ પણ આવડવું જોઇએ. અમે તો ભણતાં હતાં ત્યારે અમને પ્રાથમિક શાળાઓમાં ગાંધીજીએ કહ્યું કે, રાષ્ટ્રભાષા શીખવાડવી. રાષ્ટ્રભાષા એટલે હિન્દુસ્તાની, હિન્દી નહીં! હિન્દુસ્તાની એટલે, આજે નાગરિકનિતિમાં જે હિન્દીમાં લખાય છે તે અને ઉર્દુમાં લખાય તે બન્ને રીતે શીખવાનું આવે. અમે સાતમાં ધોરણમાં આવ્યા

ત્યાં સુધી ઉર્દુ પણ ભણ્યા અને હિન્દી પણ ભણ્યા જેને રાષ્ટ્રભાષા કહેવાય જેને આજે પણ હું ભુલી નથી.

દરેક વ્યક્તિના અંદર સારા નસરા ગુણો રહેલા છે, એ ગુણોને બહાર લાવવા તે શિક્ષકનું કામ છે. એમાંથી વિદ્યાર્થીને આપણે વિચારતાં કરવાના, એનુ નામ ભણતર છે. તમે બધાં શિક્ષિકાઓ છો એટલે ખાસ કહી રહી છું. તમારા વિદ્યાર્થી જે છે તેઓ શીખવા આવે છે, તેમની પાસે શું છે તે પણ આપણે જાણવું પડે અને પછી આપણે શિક્ષણ આપવાની જે આવડત છે તેનો ઉપયોગ કરવાનો. એના જીવન વિશે પણ આપણે જાણીશું તો જ શિક્ષકનો અને વિદ્યાર્થીનો સાચો અનુબંધ રહેશે.

આજે જે આપણી શિક્ષણ સંસ્થા 'સેવા' અકાદમી દ્વારા સૌ શિક્ષિકા બહેનોને જે પદવી મળી છે તેનું કાયમ ગૌરવ રાખજો અને કાયમ પ્રગતિશીલ રહો એવી શુભેચ્છા સાથે સૌને ખૂબ ખૂબ અભિનંદન.

અંતમાં શાન્તાબહેને ઉપસ્થિત મહેમાનોનો આભાર માનતાં ''અમે પાર કરીશું'' ગીત ગાઈને કાર્યક્રમ પૂર્ણ કર્યો.

**- ગોમતી**

❑

# ''દીપસે દીપ જલે'' – ''સેવા શતાબ્દિ કી રાહ મેં''...

## 'સેવા' મધ્યપ્રદેશનો ૩૭મો સ્થાપના દિવસ

સુખદ સંજોગે ૧ લી મે -શ્રમિક દિવસ અને 'સેવા' મધ્યપ્રદેશનો સ્થાપના દિવસ એક જ છે અને આ અવસરે 'સેવા' મધ્યપ્રદેશ દ્વારા 'માઈ' મંગેશકર હોલ, ઇન્દોર ખાતે ખાસ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું.

કાર્યક્રમના મુખ્ય અતિથિ તરીકે 'સેવા'ના ઉપપ્રમુખ મનાલીબહેન, 'સેવા' ઉત્તરપ્રદેશનાં પ્રધાનમંત્રી ફરીદાબહેન જલીસ અને 'સેવા' દિલ્હીના ઉપપ્રમુખ લતાબહેન હાજર હતાં.

આ બે કાર્યક્રમો એક સાથે હતાં. 'સેવા' મધ્યપ્રદેશની ૩૭મી સામાન્ય સભા અને 'સેવા'ના ૫૦ વર્ષની ઉજવણી. શરૂઆત 'સેવા' મધ્યપ્રદેશની સામાન્ય સભાથી થઇ. જેમાં 'સેવા' મધ્યપ્રદેશના મંત્રી કવિતાબહેન માલવીય દ્વારા વર્ષ ૨૦૨૧નો વાર્ષિક અહેવાલ, વિત્ત કો-ઓર્ડીનેટર પ્રિયાબહેન દ્વારા આવક-જાવક પત્રક રજૂ કર્યા. આ ઉપરાંત, રાજમણીબહેને સૂચના કેન્દ્રના સભ્યો માટે 'ઇ-શ્રમ કાર્ડ' બનાવ્યા અને તેન્દુપત્તા 'વીમા કન્યા યોજના' અંતર્ગત બીડીનાં શ્રમિકોને પણ જોડયા તે અંગે સૌને માહિતગાર કર્યા.



**દીપ પ્રાગટયથી કાર્યક્રમની શરૂઆત...**

આ તમામ અતિથિઓને મંચ પર શીખાબહેને આમંત્રિત કર્યા અને મનોરમાબહેને સૌનું સ્વાગત કર્યુ.

કાર્યક્રમ આગળ ધપાવતા શિખાબહેને 'સેવા' મ.પ્ર.નાં કાર્યક્ષેત્ર અંગે વિસ્તૃત માહિતી આપતા કહ્યું કે, આપણે ત્યાં સંગઠનનું કાર્ય કરતી બહેનો કાંતો સંગઠકો છે કાંતો એ સુચના કેન્દ્ર ચલાવતી બહેનો છે. દેખરેખ સમિતિ આખા વર્ષ દરમ્યાન પોતાના કામ ઉપરાંત સંગઠનનાં વિવિધ કાર્યો જેવા કે, સભ્ય બનાવવા, અભિયાન ચલાવવું વગેરેમાં પ્રવૃત્ત રહે છે.



**'સેવા' મ.પ્ર.નાં કાર્યક્ષેત્ર અંગે વિસ્તૃત માહિતી આપતા પ્રધાનમંત્રી શિખાબહેન**

'સેવા' મ.પ્ર.નું કાર્યક્ષેત્ર ૫૦૦ ગ્રામપંચાયતો, અંદાજે ૨૦ ગામો, ૨૫૦ વસાહતો સાથે કુલ ૧૪ જિલ્લાઓમાં ફેલાયેલું છે. વધુમાં ઉમેર્યુ કે, હાલમાં 'સેવા' મ.પ્ર.માં માત્ર ૧૫ સંગઠકો છે પરંતુ, ગામ-ગામ, શહેર-શહેરમાં આપણી ૫૦૦ આગેવાન બહેનો એવી છે કે, જેઓ પોતાના કામની સાથે સાથે સંગઠનનું કાર્ય પણ કરે છે. શિખાબહેને આશા છે કે, આપણી કાર્યયોજનાનું હવે પછીનું લક્ષ્ય ૮લાખ સભ્ય બહેનો બનાવવાનું છે અને વિશ્વાસ છે કે, આપણું આ લક્ષ્ય જરૂર પૂરું થશે.

શ્રુતિબહેન, (કો-ઓર્ડીનેટર-આઈ.યુ.એફ.,ઇન્ડિયા)એ બહેનોને કરેલા સંબોધનમાં પર્યાવરણ અને સ્વાસ્થ્ય પર પડેલી ગંભીર અસર વિષે ચિંતા દર્શાવી અને કહ્યું કે, ખેતરોમાં જે પણ કીટાણુંનાશક દવાનો ઉપયોગ થાય છે જે ઝેરીલા છે કારણ કે, તે જમીનમાં ૧૦૦ વર્ષો સુધી રહે છે. તેની ખરાબ અસર આપણા સ્વાસ્થ્ય, પર્યાવરણ અને આપણી આસપાસ રહેતાં લોકો પર પડે છે. પાણી અને હવામાનનાં આવા બદલાવને કારણે બીમારી વધતી રહે છે અને એ રીતે શરીર કમજોર પડે અને ભવિષ્યમાં વધુ મુશ્કેલીઓ આવતી રહે છે. તેનો ઉપયોગ અચાનક તો બંધ ના કરી શકાય પરંતુ સમયાંતરે વહેલી તકે ઓછો કરી શકીએ અને આ મુદ્દા પર આપણે 'સેવા' મ.પ્ર. સાથે કયા કયા ગામોમાં કયા કયા કીટનાશકોનો ઉપયોગ થઇ રહ્યો છે તે અંગે એક સર્વે કરેલ છે અને એ તરફ આપણે કામ કરતાં રહીશું.



**સ્વાગત... જમણેથી શીખાબહેન, મનાલીબહેન, મનોરમાબહેન, ફરીદાબહેન, લતાબહેન અને મંજુબહેન**

ત્યારબાદ, ફરીદાબહેને 'સેવા' ઉત્તરપ્રદેશનાં નેતા બહેનોને પ્રસન્નતાથી સંબોધીત કરીને કીધું કે, આજે ઘણાં ઓછા સમયમાં, પણ, ઘણી બધી માહિતી મળી. 'સેવા'નો જે ખાસ ઉદ્દેશ છે કે, બહેનોને એક અવાજ મળે, બહેનોની એક ઓળખ હોય-તો અહીં આજે બહેનો પોતાનો અવાજ પ્રસ્તુત કરે છે, પોતાની સમસ્યાઓને લઇને આગળ આવે છે જે ખરેખર ખૂબ મોટી ઉપલબ્ધી છે. એક ઉક્તિ મુજબ "દીપ સે દીપ જલે" તેમ આપણી યાત્રા "સેવા" અમદાવાદથી શરું થઇ અને અનુક્રમે મધ્યપ્રદેશ અને પછી અહીં ઉત્તરપ્રદેશમાં શરું થઇ. એમણે ઉત્તરપ્રદેશમાં "સેવા"ની સફર અંગે આગળ જણાવ્યું કે, અમે લખનૌમાં જરદોશી અને ચીકન વર્કની ૧૦૦૦ શ્રમજીવી બહેનો સાથે કરેલી શરૂઆત આજે ૨,૪૦,૦૦૦ સભ્ય સંખ્યા પર પહોંચી છે જેમાં, બે મુખ્ય વ્યવસાય હેન્ડીક્રાફટ અને ખેતી

ઉપરાંત ઘરેલું શ્રમિક બહેનો નાની-મોટી દુકાન ચલાવતી બહેનો, ફેરી-ટોપલાવાળી બહેનો, બાંધકામ ક્ષેત્રની શ્રમિક બહેનો, બીડી બનાવતી બહેનો અને બંગડી તથા કાચમાંથી ભગવાનની મૂર્તિઓ બનાવવામાં સંકળાયેલી શ્રમિક કારીગર બહેનોનો સમાવેશ થાય છે. ફિરોઝાબાદમાં મૂર્તિઓ અને બંગડી બનાવતી બહેનોનું ઘણું શોષણ થાય છે કારણ કે, તેમની કોઈ ઓળખ નથી, ના તેઓ પોતાની વાત કોઇ આગળ મૂકી શકતાં નથી અને એટલે જ આવા પડકારો માટે આપણે સંગઠન બનાવીએ, આગળ વધારીએ અને સાથે સાથે એને ટકાઉ, કાયમી રાખીએ છીએ.

કોવીડનાં સમય દરમ્યાન ફરીદાબહેને ઉ.પ્ર.ની કરેલ કામગીરી અંગે જણાવ્યું કે, કોવીડને કારણે બેરોજગાર થયેલ ૧૫ બહેનોને બે-બે હજાર રૂપિયાની મદદ કરી જેમાંથી એ બહેનોએ રૂ.૧૦થી રૂ.૧૫ના ચા-પત્તી,ખાંડ, દાળ વગેરેનાં નાના-નાના પડીકાં બનાવીને વેચ્યા. આ સિવાય બહેનો માટે એક બેકરી શરું કરેલ જે આજે વિસ્તૃત થઈને બહેનો આજે એવા કુલ ૧૨ બેકરીના એકમો ચલાવી રહ્યાં છે અને તે પણ સારા વેચાણ સાથે.



**'ઈલાબહેન કી સેવા': હિન્દી ''અનસૂયા''ના અંકનું વિમોચન**

'સેવા'નાં વિસ્તરતા જતા વ્યાપ ના અનુસંધાનમાં જણાવ્યું કે, ઈલાબહેને વર્ષો પહેલાં એક બીજને રોપ્યું હતું અને એમના કહેવા મુજબ બહેનો ફૂલ જેવી હોય છે જેને થોડા ઘણા સારા ખાતર-પાણી આપતાં રહીએ તો તે એકદમ ખીલી ઊઠે છે, સુગંધ આપવાનું શરું કરે છે. આપણી 'સેવા'ની બહેનો ફૂલ છે. આજે જયારે જે રીતે અમદાવાદથી શરું કરીને ૧૮ રાજયોમાં રાષ્ટ્રીય 'સેવા' વધતી જાય છે, ખીલતી જાય છે, એની એવી સુગંધથી એ આપણને સૌને તાજગી આપી રહી છે. આપણાં વડિલ નેતા મનોરમાબહેનનાં સાથમાં શીખાબેન આગળ વધતાં જાય અને સૌ એક સાથે રહીને ''સેવા''નું નામ રોશન કરીએ.

ત્યારબાદ મુખ્ય અતિથિ મનાલીબહેને પોતાનાં સંબોધનમાં 'સેવા' મ.પ્ર. ટીમને ખૂબ ખૂબ અભિનંદન આપતાં કહ્યું કે, મારે તમને આજે બે વાત કહેવી છે. વાર્ષિક રિપોર્ટના આંકડાઓ ખરેખર સંગઠનની અસર બતાવી છે. બીજી વાત એ કે, મને અત્યંત ખુશી થઇ છે એ જાણીને કે, અહી ૧૧ કરોડ રૂપિયાનું આપણા તેંદુપત્તા તોડનાર સભ્યોએ બોનસ મેળવ્યું છે. સંગઠનની એ જ ખાસિયત છે કે, જે કામ આપણે કરીએ છીએ, જે પણ ઝૂંબેશ ઉપાડીએ છીએ તેનાથી માત્ર એક, બે કે પચાસ ને ફાયદો નથી થતો પરંતુ મોટા પાયા પર બિનકામદાર, તમામ શ્રમિકો/કામદારો છે તેઓને ફાયદો થાય છે. દા.ત. ફેરી-ટોપલાનાં કાયદા માટે આપણે (**૨૦૧૪માં સંસદમાં એકમતથી સહમતથી**) ૪૦ વર્ષથી લડી રહ્યાં હતા, મને ખુશી છે કે, આ કાયદાને સરકારે મંજુર કર્યો. જયારે પાર્લામેન્ટમાં અમે જોયું કે, આપણો કાયદો મંજુર થયો ત્યારે અત્યંત ખુશી થઇ અને આખા દેશમાં જે ૩ કરોડ ફેરી-ટોપલાવાળા છે તેમને આનો ફાયદો થયો.

'સેવા' મ.પ્ર.ના સંસ્થાપક મનોરમાબહેન (જેને બહેનો સ્નેહ અને આદરથી ''બડે દીદી''નાં નામે સંબોધે છે) એ મનાલીબહેનનાં શબ્દોને સાથ આપતા ઉમેર્યું કે, આ પ્રશંસાની ખરી હકદાર તો દેખરેખ સમિતિની બહેનો છે. અલગ અલગ વ્યવસાય માટે અલગ અલગ કાયદા બનાવાય છે તો આ કાયદા બનવાના કારણે સભ્યોને લાભ થાય છે. તમારા અવાજને કારણે કેટલાય લોકોને લાભ પહોંચે છે. આ છે તાકાત સંગઠનની.

આ અવસર પર મનોરમાબહેન દ્વારા ઈલાબહેન પર કેન્દ્રિત ''અનસૂયા''ના અંકનું પણ વિમોચન કરવામાં આવ્યું. ત્યારબાદ, ઈલાબહેન, રેનાનાબહેન અને રીમાબહેન બહેનો સાથે ઈન્ટરનેટના માધ્યમથી ઑનલાઈન જોડાયા અને તેમને અનુક્રમે સંબોધ્યા. ''ઈલાબહેનની સેવા'' અંકનાં વિમોચન પ્રસંગે શિખાબેને જણાવ્યું કે, 'સેવા' આંદોલનના ૫૦ વર્ષની પૂર્ણતાનાં ઉત્સવને જેમ, ૧૨મી



''હમ સબ એક હૈ''ના નારા સાથે ગુંજતો 'માઈ' મંગેશકર હોલ, ઈન્દોર ખાતે

એપ્રિલના દિવસની ગુજરાતનાં અમદાવાદ શહેરમાં જે રીતે ઉજવણી થઇ તે રીતે આજે ઇન્દોરમાં આ અવસર આપણે ૧૫૦૦ બહેનો સાથે મનાવી રહ્યાં છીએ. ઈલાબહેને જે લગની આપણને લગાડી છે તો આપણે ૧૦૦ વર્ષ 'સેવા' પૂરાં કરશે અને આપણે સૌએ પણ ૧૦૦ વર્ષ સાથે જ રહેવાનું છે.

ઈલાબહેને પોતાના સંબોધનમાં બહેનોને કહ્યું કે, બધાની જય બોલો અને એમણે ૧લી મે ના દિવસના મહત્વને આંકતા કહ્યું કે, આજનો દિવસ ખૂબ જ મહત્વનો દિવસ છે, આજે શ્રમિક દિન પણ છે અને અમારા ગુજરાત રાજ્યનો સ્થાપના દિવસ પણ છે, એટલું જ નહીપણ આજે 'સેવા'નો મુક્તિ દિવસ પણ છે. તેમણે 'સેવા'નાં ઇતિહાસના શરૂઆતનાં દિવસો વિશે જણાવતા કહ્યું કે, જ્યારે અમે 'મજૂર મહાજન'ની સાથે કામ કરતાં હતા ત્યારે જેમ-જેમ આપણી સભ્ય સંખ્યા વધતી ગઈ ત્યારે 'મજૂર મહાજન' એમ સમજવા લાગ્યું કે, 'સેવા'ની સભ્ય સંખ્યા ઘણી જ વધી જશે અને એમણે અમને કહી દીધું કે, 'સેવા' અલગ થઇ જાઓ. બહેનો વિચાર કરો કે, એ વખતે અમારા હૃદયને આ વાતથી કેટલો આઘાત લાગ્યો હશે?! તેમ છતાં, અમારી બહેનો જે આપ સૌના જેવી જ જેઓ પણ શ્રમજીવી, મારા જે સાથીદારો હતા, થોડાઘણાં કાગળો અને એક ટાઈપરાઈટર હતું, તે લઇ અમે મહાજનના પગથિયા નીચે ઉતરી ગયા. આંખમાં આસુ અને આંખો ક્રોધાયમાન તેમ છતાં આગે આગે બહેનો આપણી સાથે કામ કરતાં કરતાં અમારો આત્મવિશ્વાસ વધતો ગયો. આપણી 'સેવા' પ્રગતિ કરતી કરતી આગળ વધી. એ પહેલાં તો આપણે ''સેવા બેંક'' બનાવી હતી. આ વાત દરમ્યાન ઈલાબહેને સંગઠિત થવા પર ભાર મુકતાં કહ્યું કે, આપણે જે પણ કામ કરીએ છીએ તેને દ્રશ્યમાન કરવાનું છે. નવો કાયદો લાવવો હોય તો સંગઠિત થવું પડશે ને એ પણ, મૂલ્યો આધારિત. એટલે કે, જીવનનાં મૂલ્યો આધારિત સંગઠિત રહેવું જોઈએ. એમાં કશું જ નવું નથી. ભલે આપણે ઝઘડીએ છીએ, તોયે કહેવાનું તો છે જ કે સચ્ચાઈની સાથે ચાલો, ભલે સંગઠન નાનું થઇ જાય, સંખ્યામાં વધારો-ઘટાડો થાય પણ, આપણે જુઠી કે અસત્ય વાતોમાં નથી આવ્યા. નિરંતર સચ્ચાઈનાં રસ્તે ચાલતા આજે આપણે 'સેવા'ના ૫૦ વર્ષ પૂરાં કર્યા. હવે આપણે એ વિચારવાનું રહ્યું કે, 'સેવા' શતાબ્દી માટેનું શું આયોજન છે? તેમણે વિશ્વશાંતિ બાબતે ભાર મૂકીને કહ્યું કે, આપણે સમાજ, દેશ અને આખું વિશ્વ આ જ રસ્તે મજબૂતાઈથી સમજદારીથી આગળ વધશે. ભલે દરેક ધર્મગ્રંથ અલગ-અલગ છે પણ, સમાજમાં આખરે જ્યારે શ્રમની વાત આવે છે ત્યારે આપણે સૌ એક છીએ. સૌ એકબીજાની સાથે કોમી એકતા રાખે. આપણે વિચારીએ કે આપણે એટલે કે, દુનિયા જે રીતે આગળ વધી રહી છે તે વિનાશકારી તો નથી બનતી જતી ને? આપણે વિચારીશું તો જ આગળ વધી શકીશું. સારું પરિવર્તન લાવવાની બાબતે શુદ્ધતા અને સચ્ચાઈ જાળવી રાખવી અત્યંત આવશ્યક છે. તો જ આપણે વિશ્વશાંતિ તરફ આગળ વધી શકીશું. ''સેવા'' બનીને સંગઠનનું કામ જે રીતે શરુ થયું તેમાં તમામ શાખાને એક વટવૃક્ષ તરીકે ગણી છે અને આ શાખામાં શિખાબેનને શિખર તરીકે ગણાવ્યા અને મનોરમાબેનને કહ્યું કે, આપ જેવા છો એવા જ રહો... સૌને માર્ગદર્શન આપતાં રહો... 'સેવા'ના વટવૃક્ષનાં મૂળ નાખવામાં તથા મૂળને મજબૂત બનાવતાં જવામાં રેનાનાબહેનનો ફાળો 'સેવા' માટે અમૂલ્ય રહ્યો છે. મારા માટે તો રેનાનાબહેનની સાથીદારી લશ્કરના એલાય (Ally) જેવી રહી છે. આ વાત હકીકત હું આપ સૌને યાદ રાખવા ભારપૂર્વક જણાવું છું.

અંતમાં, ઈલાબહેને એક જ જગ્યાએ એકત્ર થયેલ તમામ બહેનો પ્રત્યે પોતાની ખુશી વ્યક્ત કરી કહ્યું કે, આ આનંદનો અનુભવ એટલા માટે છે કારણ કે, આપણે સૌ એક છીએ.

ત્યારબાદ,રેનાનાબહેન ઑનલાઈન જોડાયા અને તેમણે બહેનોને સંબોધિત કરી જેમાં, એમણે ઈલાબહેન દ્વારા કરેલ તમામ કામને અત્યંત મહત્વપૂર્ણ ગણાવી તેમના કાર્યો દ્વારા મળેલ ત્રણ શીખ પર વિસ્તૃત ચર્ચા કરી.

૧. હાલમાં જે, ''અનસૂયા''નો અંક કે જે, શતાબ્દી અંક બહાર પાડયો તેનું નામ ''ઈલાબહેનની સેવા'' રાખ્યું છે તેમાં, ઈલાબહેન પોતાની વિશાળ દ્રષ્ટિએ ''સેવા''ને કઈ રીતે જુએ છે – તે સમજવાની શીખ એટલે કે, આપણા કર્તવ્ય અને માર્ગ શું છે તે સમજવાનું.

૨. ઈલાબહેન દ્વારા વિવિધ પુસ્તકો લખાયા એટલે કે, લખાણનું મહત્વ કેટલું અગત્યનું છે તે.

૩. જે રીતે 'સેવા'નું કાર્યક્ષેત્ર વ્યાપક બન્યું, જે રીતે ''સેવા'' વિસ્તરી જે આજે કુલ ૧૮ રાજ્યોમાં કાર્યરત છે તો એ કેવી રીતે શક્ય બન્યું?- તે સૌથી મોટી શીખ. કઈ રીતે વાત,અવાજ અને વિચારમાં એકસૂત્રતા આવી, ભલે અલગ-અલગ વ્યવસાયોમાં કાર્યરત શ્રમજીવી બહેનો હતા અને છે, એટલું જ નહીં પણ આપણે સહુ ''સેવા'' સીમિત કે મર્યાદિત ના બન્યા, એક ગામ, એક શહેર, એક પુરા દેશની વાત અને એટલા પુરતું નહિં પણ, અન્ય દેશોમાં પણ ''સેવા''નું કાર્ય વિસ્તાર્યું છે. તેમણે હિન્દી ''અનસૂયા'' શરું કરનાર જ્યોત્સનાબહેનને યાદ કરીને કીધું કે આપણે ''અનસૂયા'' નામને જાણવું જરૂરી છે. અનસુયાબેન સારાભાઈએ જ સૌથી પહેલાં અસંગઠિત મહિલાઓ માટે કામ કર્યું એ પણ ૧૦૦ વર્ષ પહેલાં અને અમદાવાદમાં શ્રમજીવી બહેનોનું સંગઠન બનાવ્યું અને આટલા વર્ષો બાદ 'સેવા' બની જેના ૫૦ વર્ષ પુરાં પણ થઇ ગયા! તેમણે આવનાર ૧૦૦ વર્ષ સુધી બહેનોનાં સાથે રહેવા પર શું કરી શકાય? તે અંગે જણાવતા કહ્યું કે, આપણું હવે કામ એ છે કે, આપણી હવે પછીની જે યુવાન પેઢી છે તેમને તૈયાર કરવી અને તેમને આગળ લાવીએ. જેમ ઈલાબહેને સમજાવ્યું કે, સંગઠન બનાવ્યા બાદ આપણે બેંક બનાવી એટલે કે, આપણે લડવાનું અને રચના કરવાનું પણ કામ કરીએ છીએ. તેમણે રચના અને આંદોલનને ''સેવા'' ગાડીના બે પૈડા ગણાવ્યા અને કહ્યું કે, આપણે સાથે રહીએ અને એકબીજાથી શીખીએ તો ૧૦૦ વર્ષ સુધી પહોંચવામાં આપણને સમય નહી લાગે. આપણે હંમેશા એક રહીએ અને પ્રગતિ કરતાં રહીશું. રેનાનાબહેનના સંબોધન બાદ ઈલાબહેને ''સેવા શતાબ્દી''ના અવસર વખતે પોતાને આમંત્રિત કરવાની ઈચ્છા વ્યક્ત કરી...!

ત્યારબાદ, શિખાબહેને ઉમેર્યુ કે, શ્રમજીવી બહેનોને સંગઠિત કરતાં કરતાં પહેલું કામ એ શીખ્યું કે, બદલાવ ને લાવવા માટે ઘણા પ્રકારના હુન્નર, કૌશલ્યની જરૂર હોય છે જેને શીખવા જોઈએ, કારણ કે નીતિ-અવધારણાઓ રાતોરાત નથી બદલાતી, રસ્તા પર ઉતરીને કે પ્રદર્શનોની સાથે જે અન્યાયને ખતમ કરવો હોય તો એની જગ્યા પૂરવા આપણી પાસે નક્કર ઉપાય તથા વિકલ્પ પણ હોવો જરૂરી છે.

છેલ્લે, શિખાબહેને બહેનોને જણાવ્યું કે, આપણી સાથે રીમાબહેન ઑનલાઈન જોડાયા છે તો એમનો પરિચય પણ ખૂબ જરૂરી છે. રીમાબહેને ઘણાં વર્ષોથી ''સેવા'' આંદોલનનો ભાગ રહ્યાં છે, ખાસ કરીને તેમનું વિવિધ વિકાસનાં કાર્યક્રમોમાં યોગદાન છે જેમ કે, બહેનોને ગામથી બહાર લાવી તેમની કલા-કારીગરીને યોગ્ય ઉત્પાદનના રૂપમાં બજાર પૂરું પાડવું, આંતરરાષ્ટ્રીય સ્તર પર એ કલા-કારીગીરીને બતાવવી. એમણે એવી ઘણી સંસ્થાઓની સ્થાપના ઉ.દા. ટ્રેડ ફેસીલીયેટ સેન્ટર, 'સેવા' મેનેજરની સ્કૂલ કે, જે તાલીમો આપે છે અને ખેડૂત બહેનોનાં ઉત્પાદનોને બજારમાં લાવે છે.

રીમાબહેને તેમના સંબોધનમાં 'સેવા' મ.પ્ર.ની બહેનો પ્રત્યે આ રીતે પહેલીવાર જોડાયા અંગેનો આનંદ વ્યક્ત કર્યો. તેમને પણ ઈલાબહેન, રેનાનાબહેન, મનોરમાબહેનની સૌએ ૧૦૦ વર્ષ સાથે રહેવાનું છે, ૧૦૦ લાખ બહેનો સંગઠિત પણ કરવાની છે તે વાતને સમર્થન આપ્યું. તેમણે તેમના સંબોધનમાં બહેનોને બે મુખ્ય વાત કરી જેમાં પહેલું એ કે પ્રવર્તમાન પરિસ્થિતિમાં જેટલા કુદરતી સંસાધનો પર જોખમ છે તે અંગે પોતાની ચિંતા વ્યક્ત કરી અને કહ્યું કે, આપણી જાગરૂકતા ક્યાં છે? આપણે સૌએ આ મુદ્દાને એક આંદોલન તરીકે લેવો પડશે કે, 'હરિયાળી ક્રાંતિ'ને કઈ રીતે જાળવી શકીએ? આપણે એ કદી વિચાર્યુ જ નથી કે, આપણા ઘર, આંગણા, ગામમાં કઈ રીતે સફાઈ રાખીએ? આપણી નદીનું પાણી કઈ રીતે સ્વચ્છ રાખીએ? વરસાદી પાણીનો સંગ્રહ કઈ રીતે કરીએ? તેમણે વૃક્ષારોપણ પર ઘણો ભાર મૂક્યો અને કહ્યું કે, આપણે જ્યાં પણ જઈએ ત્યાં એક વૃક્ષ તો વાવીએ અને આ રીતે આપણે એક આંદોલન ચલાવીશું તો ૧૦૦ વર્ષ તો નહીં પણ આગામી ૧૦થી ૨૫ વર્ષ તો જરૂર આપી શકીશું.

બીજી મહત્વની વાત એમણે એ કરી કે, ઈલાબહેને અને રેનાનાબહેને જેમ જણાવ્યું કે, સંઘર્ષ અને વિકાસ, આંદોલન અને રચના એક જ સિક્કાના બે પાસા છે, તો આ પાસાં જ આવનાર સમયમાં એ એકબીજા સાથે અનુબંધિત થઇ જવાના છે. એમણે જણાવ્યું કે, આજે પણ આપણે એવો અનુભવ કરી રહ્યાં છીએ કે, સંઘર્ષ કેવી રીતે વિકાસ ભણી અને વિકાસ કેવી રીતે સંઘર્ષ ભણી? હજુ પણ આપણા ૧૨ સવાલો છે, સંશોધનને સંખ્યા સુધી જ રાખેલ છે. આપણે કેવું સંશોધન જોઈએ અને જો ટેક્નોલૉજી લાવવી છે તો એમાં કયું સંશોધન કરવું છે? તે આપણે નક્કી કરવું રહ્યું. પરંતુ, આ તમામમાં સૌથી અગત્યનું છે કે આપણે સૌએ એક રહેવાનું છે, કારણ કે આપણે હજુ ૧૦૦

**'ANASOOYA' R.N.I. No. 54903/82 Permitted to post at Ahmedabad P.S.O. On F/N Basis publisher Date on the 6th & 22nd every month under Postal Regd. No. GAMC-581/2021-23 Issued by S.S.P. Valid up to 31-12-2023.**

**Ahmedabad P.S.O. 6-7-22**




**ભગોરિયા નૃત્ય**




**નાટક પ્રસ્તુતિ**

વર્ષ સુધી આગળ જવાનું છે. જ્યારે પણ આપણે બહારની દુનિયામાં જઈએ તો એકજૂથ થઈને જઈએ અને એ રીતે જ 'સેવાબજાર' પણ કાયમ કરવાનું છે.

અંતમાં, રીમાબહેને ફરીથી આ રીતે બહેનોને મળવાની પોતાની ખુશી વ્યક્ત કરતાં કહ્યું કે, આગામી વર્ષોમાં પણ જરૂર મળીશું અને તેમણે 'સેવા' મ.પ્ર.ના પણ આ જ રીતે ૧૦૦૦૦ બહેનોની સભ્ય સંખ્યા સાથે ૫૦ વર્ષ પુરાં થયાની ઉજવણી કાર્યક્રમ થાય તે માટે આશા રાખીશું.

કાર્યક્રમનું સમાપન "સેવા'ની સાંસ્કૃતિક મંડળીનાં ગીત, ઈલાબહેનના જીવન પર આધારિત એક નાટક અને આદિવાસી ભાઈ-બહેનોનું ભગોરિયા નૃત્ય પ્રસ્તુતિ દ્વારા કરવામાં આવ્યું.

**- 'સેવા' મધ્યપ્રદેશ**

❑

**Place to Send Subscription :**

## Shree Mahila SEWA Anasooya Trust

SEWA Reception Centre, Opp. Tilak Baug, Bhadra, Ahemedabad - 380001 (Phone : 255 06 444, 255 06 477)
Please Visit our website : www.anasooya.org Email : mail@anasooya.org, mahilasewatrust@vsnl.net

Printed and Published by NAMRATA BALI on behalf of Shree Mahila SEWA Anasooya Trust and Printed at Printwell, Celler, Deep Appartments, Shahpur Bahai Centre, Ahemedabad - 380 001 and Published from SEWA Reception Centre, Opp. Tilak Baug, Bhadra, Ahemedabad - 380001. Editor - NAMRATA BALI

**અનસૂયા** **6-7-2022**

સેવા રિસેપ્શન સેન્ટર
ટિળક બાગ સામે, ભદ્ર,
અમદાવાદ - 380 001